647510 **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Oct/Nov. -2019 - [NEW COURSE]
# BHASHA KAUSHAL (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૧૪)

ઈસ્ત્રી કરેલા વસ્ત્ર જેવા
આ સુંવાળા શહેરના રસ્તા ગમે,
દાઢી ઊગેલાં, કરચલીવાળાં મુખો શાં
વન ખેતરો મનમાં રમે.
વ્હેતી નગર વચ્ચે નદી જેવી
ગમે ગીત પંક્તિઓ નિયમોતણી નીકમાં વહેતી,
હજારો પંખીઓના ટહુકાથી તાજી
કથા વન પ્રાન્તની મનમાં ગુંજી રહેતી.
કબાટે પુસ્તકો,ટાંગેલ છબીઓ સંતની
ગુરુમિત્રની સોબત ઘણી ગમતી,
ગામચોરો,દૂર મંદિરની ધજા
વન્ય કન્યાના ઝરણતર ઝાંઝરીનો છંદ
સહજ સંચારનો ઉરમાં ધ્વને આનંદ!
આનંદ છે.: સંસ્કારથી હું ધન્ય.
આનંદ છે.: થોડો રહ્યો છું વન્ય

- જયંત પાઠક

અથવા

પ્રશ્ન.૧ નીચેના કાવ્યનું વિવરણ કરો. (૧૪)

કૂંચી આપો,બાઈજી!
તમે કિયા પટારે મેલી મારા મૈયરની શરણાઈ,જી?
કોઈ કંકુથાપા ભૂંસી દઈ
      મને ભીંતેથી ઉતરાવો,
કોઈ મીંઢળની મરજાદા લઈ
      મને પાંચીકડાં પકડાવો
ખડકી ખોલો,બાઈજી!
તમે કિયા કટાણે પોંખી મારા કલરવની કઠણાઈ,જી?
તમે ઘરચોળામાં ઘુઘરિયાળી
        ઘરવખરી સંકેલી,
તમે અણજાણ્યા ઉંબરિયેથી
      મારી નદિયું પાછી ઠેલી.
મારગ મેલો,બાળજી!
તમે કિયા કુહાડે વેડી મારા દાદાની વડવાઈ,જી?

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

કવિતા,નાટક,વાર્તા – એ શબ્દની કલા છે.શબ્દ કલાકારની અંદરથી પ્રગટે છે,એટલે કલાકારની અંદર જે જીવનમૂલ્યો જામ્યાં હશે તેનો પાસ એના શબ્દને લાગેલો વરતાય તો એ સ્વાભાવિક છે.એણે સાક્ષાત્ અનુભવથી કે કાંઈ નહીં તો કલ્પનાનુભવથી જે કાંઈ આત્મસાત કર્યુ હશે તે એના ઉદ્દગારમાં પણ પ્રગટવાનું.પોતે જે મૂલ્યોનો ધબકારો પોતાની રગો પર અનુભવ્યો નથી,જે મૂલ્યો એને માટે જીવન સટોસટની લડાઈ માટેનાં નથી,તે મૂલ્યોની એ વાત નહીં કરી શકે.કરશે તો ખોખરી લાગશે.મૂલ્યોની વાત કરતાં પહેલા તે એ મૂલ્યોને પામ્યો તો હોવો જ જોઈએ ને?તે સિવાય સચ્ચાઈનો રણકો આવવો જ અસંભવ છે.મૂલ્યો ઉછીનાં લઈ શકાતાં નથી. જે મૂલ્યો સાથે કલાકાર સમરસ બન્યો હોય,જે મૂલ્યો એનાં પોતાનાં બન્યાં હોય,તેનો પાસ એની રચનાઓમાં વરતાશે. – ઉમાશંકર જોશી

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

આજે હવે એ સમજવાની જરૂર છે કે સમન્વયના આ તત્વની આજે જેટલી જરૂર છે તેટલી અગાઉ ક્યારેય નહોતી.કેમ કે આજે આ સમન્વયની પ્રક્રિયામાં વિક્ષેપ ઊભો થયો છે.આ અગાઉ જે સમન્વય થયો તે અહીં જ પાંગરેલી વિચારધારાઓનો થયો.પરંતુ ત્યાર બાદ જે વિચારધારાઓ આવી તે અલગ સંસ્કૃતિ લઈને આવી,અલગ ધર્મપ્રણાલીઓ લઈને આવી. તેમની વચ્ચે સમન્વય કરવો હજી બાકી છે. આપણે ઈસ્લામના સંપર્કમાં આવ્યા, ખ્રિસ્તી ધર્મના સંપર્કમાં આવ્યા.આ બધી વિવિધ સંસ્કૃતિનોયે સમન્વય થાય તે માત્ર આપણા દેશની દૃષ્ટિએ જ નહીં,દુનિયા આખીની દૃષ્ટિએ પણ અત્યંત જરૂરી છે.આવો સમન્વય જો આપણે ભારતમાં સાધી શકીશું તો આખા વિશ્વમાં સાધી શકાશે. કેમ કે ભારત જાણે વિશ્વની નાની આવૃતિ જ છે. તેને વૈશ્વાનર સંસ્કૃતિ કહી છે.જેટલી વિવિધતા દુનિયામાં છે,તેટલી બધી ભારતમાં પણ છે.

**– વિનોબા.**

પ્રશ્ન.૩ છંદની વ્યાખ્યા અને વિભાવના આપી કાવ્ય સર્જનમાં તેની ઉપકારકતા સ્પષ્ટ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ ‘‘છંદનો નિયત લય અને શબ્દોચ્ચારણનો સહજ લય- એ બે અદ્દભુત સંયોજનથી જે નવું લય સ્વરૂપ સધાય છે તે કાવ્યનિર્માણમાં મહત્વનો ફાળો આપે છે’’ – છંદ વિશેના હેમંત દેસાઈના વિધાનને આધારે કાવ્યમાં છંદના કાર્યની ચર્ચા કરો. (૧૪)

પ્રશ્ન.૪ અલંકારની વિભાવના સ્પષ્ટ કરી કાવ્યનિર્માણના મહત્વના ઓજાર તરીકે તેની મહત્તા સ્પષ્ટ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ ‘‘કાવ્યાલંકાર કાવ્યનું – કાવ્યની વાણીનું અને અર્થનું,એના મૂળમાં રહેલી અનુભૂતિનું અવિભાજ્ય તત્વ છે’’ – કાવ્યના અલંકાર વિશે રામપ્રસાદ બક્ષીના આ વિધાનની ચર્ચા કરો. (૧૪)

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો. (૧૪)

(અ) પ્રુફરીડિંગની સંજ્ઞાઓ

(બ) શબ્દાલંકાર અને તેના પ્રકારો

(ક) અર્થાલંકાર અને તેના પ્રકારો

(ડ) જોડણીના મહત્વના નિયમો.

**********************************